જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૨/૨૦૧૯ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૩/૧૯**

## "ખોટી કંપનીઓ ઉભી કરી તે કંપનીમાં રોકાણ કરવા સારૂ લોભામણી વાતો કરી ભોગ બનનારને વિશ્વાસમાં લઈ ભોગ બનનાર પાસેથી કરોડો રૂપિયા મેળવી લઈ પરત નહિ આપી ભોગ બનનાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા આરોપીઓ વિરૂધ્ધમાં ગુનો દાખલ કરતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ ખાતે અરજદાર શ્રી કલ્પેશભાઈ નટવરલાલ અખાણીનાઓએ પોતાની લેખીત રજુઆત કરતી અરજી કરેલ કે આ કામના આરોપીઓ (૧) ચિરાગ અશોકભાઈ પટેલ (૨) પ્રિયંક અમૃતભાઈ અગોલા તથા (૩) અમૃતભાઈ આશારામભાઈ અગોલા નાઓએ ભેગા મળી અરજદાર પાસે તેમજ અરજદાર સિવાય ઘણા અન્ય માણસો પાસે જઈ પોતે કારલીંક પ્રાઈવેટ લીમીટેડ અને ધનલક્ષ્મી ઓટો બાઈકસ નામની કંપની ધરાવે છે, જે પોતાની કારલીંક પ્રાઈવેટ લીમીટેડ અને ધનલક્ષ્મી ઓટો બાઈકસ કે જે ચોલામંડલમની સિસ્ટર કન્સલ્ટ ફર્મ છે, અને તેમા હોન્ડા એક્ટીવા તથા હ્યુન્ડાઈની ક્રીએટા ગાડીના બુકીંગ માટે મોટા પાયે રોકાણ કરો તો તેમા સારો નફો મળશે તેમ કહી લોકોને ભરોસા અને વિશ્વાસમાં લઈ પ્રથમ થોડા રૂપિયા ભરાવી નફા સાથે પરત ચુકવી આપી ભરોસો મજબુત કરેલ અને ત્યાર બાદ કરોડોમાં રકમ એકઠી કરી લઈ કોઈને પૈસા પરત આપેલ ન હોય વિગેરે મુજબની રજુઆત આધારે પ્રાથમીક તપાસ કરતા આ કામે ફરીયાદી પાસેથી રૂપિયા પંદર કરોડ જેટલી માતબર રકમ પડાવી લીધેલ હોય અને ફરીયાદી શ્રી સાથે ગુન્હાહિત કાવતરૂ રચેલ હોવાનુ જણાઈ આવતા ફરીયાદી શ્રીની કાયદેસરની ફરીયાદ નોંધી આ કામના આરોપીઓ (૧) ચિરાગ અશોકભાઈ પટેલ (૨) પ્રિયંક અમૃતભાઈ અગોલા તથા (૩) અમૃતભાઈ આશારામભાઈ અગોલાનાઓ વિરૂધ્ધમાં અત્રેની ક્રાઈમ બ્રાન્ચ ખાતે ગુન્હો નોંધી તપાસ ચાલુ કરેલ છે, જે ગુનાની આગળની તપાસ પો.સ.ઈ. શ્રી બી.એન.સોનવણેનાઓ ચલાવી રહેલ છે,

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમીશનર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધીક પોલીસ કમીશ્નર શ્રી  સે-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા ના.પો.ક.મી.શ્રી ઝોન- ૪ શ્રી નીરજકુમાર બડગુજ્જર સાહેબ તથા મદદનિશ પોલીસ કમીશ્નર "જી" ડીવીઝન શ્રી એ.એમ.દેસાઇ. સાહેબ નાઓની સુચના તેમજ મર્ગદર્શન હેઠળ "નાસતા ફરતા આરોપી પકડી પાડવા" માટે હુકમ અનુસંધાને પોલીસ ઇન્સપેક્ટર મેઘાણીનગર પો.સ્ટે નાઓની નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગેના માર્ગદર્શન તથા સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઇ વી.એસ.સિંધવ સા.નાઓ તથા સર્વે.સ્ક્વોડના મ.સ.ઈ.દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં-૭૬૨૦ તથા પો.કો સંદિપકુમાર મંગાભાઈ બ.ન- ૩૬૮૯ તથા એલ.આર. કિરણસિંહ ગોપાલસિહ બ.નં- ૪૨૪૭ તથા પો.કો યુવરાજસિંહ ભરતસિહ બ.નં- ૧૩૧૪૬ નાઓએ "નાસતા ફરતા આરોપી પકડી પાડવા" માટે હુકમ અનુસંધાને મેઘાણીનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં- ૧૦૦/૨૦૦૩ ઇપીકો કલમ ૨૨૪.૨૨૫.૧૧૪. મુજબના કામના રસિકભાઈ ઉર્ફે વિશાલભાઈ પોપટભાઈ ઘામેલીયા (પટેલ) ઉં.વ.-૪૨ રહે .હાલ રાજપૂત ફળીયુ અંબે વિધ્યાલયની પાછળ રાજપીપળા જીલ્લો- નર્મદા મૂળ વતન- ગજાભાઈની વાવડી તા. શિહોર જીલ્લો-ભાવનગર નાઓને વતન ગામ ખાતેથી પકડી લાવી જે આરોપીને તા- ૬/૧૨/૨૦૧૮ ના કલાક ૧૨/૦૦ વાગે પકડી અટક કરી નાસતા ફરતા આરોપીને શોધી કાઢી સારી કામગીરી કરવામા આવેલ છે તા- ૬/૧/૨૦૧૯

## સને-૨૦૦૩ ના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધીક પોલીસ કમીશ્નર શ્રી  સે-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા ના.પો.ક.મી.શ્રી ઝોન- ૪ શ્રી નીરજકુમાર બડગુજર સાહેબ તથા મદદનિશ પોલીસ કમીશ્નર "જી" ડીવીઝન શ્રી એ.એમ.દેસાઇ. સાહેબ નાઓની સુચના તેમજ મર્ગદર્શન હેઠળ "નાસતા ફરતા આરોપી પકડી પાડવા" માટે હુકમ અનુસંધાને પોલીસ ઇન્સપેક્ટર શ્રી મેઘાણીનગર પો.સ્ટેશનનાઓની નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગેના માર્ગદર્શન તથા સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઇ વી.એસ.સિંધવ સા.નાઓ તથા સર્વે.સ્ક્વોડના મ.સ.ઈ.દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં-૭૬૨૦ તથા પો.કો સંદિપકુમાર મંગાભાઈ બ.ન- ૩૬૮૯ તથા એલ.આર. કિરણસિંહ ગોપાલસિહ બ.નં-૪૨૪૭ તથા પો.કો યુવરાજસિંહ ભરતસિહ બ.નં- ૧૩૧૪૬ નાઓએ મેઘાણીનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૧૦૦/૨૦૦૩ ઇ.પી.કો. કલમ ૨૨૪.૨૨૫.૧૧૪. મુજબના કામના નહિ પકડાયેલ નાસતા ફરતા આરોપી રસિકભાઈ ઉર્ફે વિશાલભાઈ પોપટભાઈ ઘામેલીયા (પટેલ) ઉં.વ.-૪૨ રહે .હાલ રાજપૂત ફળીયુ અંબે વિધ્યાલયની પાછળ રાજપીપળા જીલ્લો-નર્મદા મૂળ વતન- ગજાભાઈની વાવડી તા. શિહોર જીલ્લો-ભાવનગર નાને રાજપીપળા ખાતેથી પકડી લઇ આવી તા- ૬/૨/૨૦૧૯ ના કલાક ૧૨/૦૦ વાગે પકડી અટક કરી નાસતા ફરતા આરોપીને શોધી કાઢી સારી કામગીરી કરવામા આવેલ છે.તા- ૬/૨/૨૦૧૯

## મોબાઇલ ફોન સ્નેચીંગ કરતા આરોપીઓને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનના બે ગુના શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા તથા મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા માટેની સુચનાઓ મળતી હોય પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ તથા પ્રો.પો.સબ.ઇન્સ એન.જે.મારૂ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા *અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ તથા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે* બ્લ્યુ કલરની એકસેસ મો.સા નં જી.જે-૨૭ સી.જે-૮૧૭૦ ની ઉપર ફોન વેચવા માટે જતા આરોપીઓ (૧)ફૈસલહુસેન ઉર્ફે ફૈઝાન સ/ઓ મોહંમદહસન યાસીનભાઇ રંગરેજ ઉ.વ ૨૭ રહે,નવાબનગરના છાપરા મહેમુદ કરિયાણા સ્ટોરની પાછળ મુન્નાભાઇ ડેકોરેશનવાળાની પાસે શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા (૨) આશિફ બાદશાહભાઇ શેખ ઉ.વ ૨૪ રહે, નવાબનગરના છાપરા મહેમુદ કરિયાણા સ્ટોરની પાછળ મુન્નાભાઇ ડેકોરેશનવાળાની પાસે શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા (૩) મોહંમદઆશિફ ઉર્ફે સોનુ સ/ઓ અબ્દુલઅજીજ અબ્દુલરસીદ અન્સારી ઉ.વ ૨૩ રહે,મ.નં ૭ અલીફનગર વટવા કેનાલ વટવા અમદાવાદ શહેરનાઓને ચંડોળા તળાવ બશીર કરીયાણા સ્ટોર પાસેથી એક વિવો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૬,૯૯૦/- તથા એક ઓપ્પો કંપનીનો મો.ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા એકસેસ મો.સા કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૭૬,૯૯૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ તથા ફ.ગુ.ર.નં ૨૫/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબના મોબાઇલ સ્નેચીંગના ગુના ડીટેક્ટ કરેલ છે અને તપાસ દરમ્યાનમા બીજા ત્રણ મોબાઇલ ફોન રીકવર કરેલ છે જેની તપાસ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ વી.એન.ભરવાડ નાઓ ચલાવે છે તા.૦૬/૦૨/૨૦૧૯

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનઃ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઈન્સ પી.બી.ચૌહાણ નાઓના સુપરવિઝન હેઠળ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલ્કતસબંધી ગુનામા પકડાયેલ આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે ધમો રમેશભાઇ પ્રજાપતિ ઉવ.૨૬ ધંધો.પેડલ રીક્ષા રહે.જોનભાઇના મકાનમા, ગણેશનગર ધુપડપટ્ટી, નારોલ, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમા દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદરી ઇસમ વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા સદરી વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૫૦૩/૨૦૧૭ તા.૦૩/૦૮/૨૦૧૭ થી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે પાસા હુકમની બજવણી ટાળવા સારૂ આરોપી છેલ્લા ૧૭ માસથી નાસતો ફરતો હોય સદરી આરોપીને સોધવાની કાર્યવાહી ચાલુ હતી દરમ્યાન પો.કો સંજયસિંહ અગરસિંહ તથા પો.કો હેમરાજસિંહ માનસિંહ નાઓની બાતમી આધારે સોલા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ તથા માણસોએ ઉપરોક્ત આરોપીને પકડી જબ્બે કરી આજરોજ તા.૦૬/૦૨/૨૦૧૯ ના રોજ કલાક ૨૧/૨૫ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

## *પ્રોહીબીશન સબંધી ૨(બે) પુરુષ તથા ૨(બે) સ્ત્રીની પાસા અટકાયત કરતી વટવા પોલીસ*

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. ડી.આર.ગોહીલ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો નાઓએ વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનામાંઓ ૨(બે) પુરુષ તથા ૨(બે) સ્ત્રી આરોપણ બેન વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય અત્રે વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

⇒ અ.નં. (૧) શ્રી વિજયભાઈ સ/ઓ દિનેશભાઈ પ્રભાતભાઈ જાતે-ચુનારા ઉવ.૨૭ રહે - ૧૦ રાવળવાસ ખોડીયારનગર વણઝર અમદાવાદ શહેરનાઓ વિરુધ્ધ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૨૦૫/૧૮ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઈ) ૯૮(૨) ૮૧ મુજબ મુજબના ગુના આધારે મે.પોલીસ કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક;-પીસીબી/ડીટીએન/પાસા/૧૧૫/૨૦૧૯ તા.૦૪/૦૨/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૬/૦૨/૨૦૧૯ ના કલાક ૧૫/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ - રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

⇒ અ.નં. (૨) શ્રી સંતોષભાઈ રમેશભાઈ જાતે-ચુનારા ઉવ.૩૨ રહે, ખોડીયાર માતાની વાવ સામે વટવા ગામ અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૦૩૮/૧૯ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઈ) ૮૧ ૯૮(૨) મુજબના ગુના આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક;-પીસીબી/ડીટીએન/પાસા/૧૨૬/૨૦૧૯ તા.૦૬/૦૨/૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૬/૦૨/૧૯ ના કલાક ૧૮/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

( P.T.O.)

⇒ અ.નં. (૩) શ્રીમતી જ્યોતીબેન ઉર્ફે જુગી વા/ઓ વિનોદભાઈ જ્યોતારામ જાતે-ચુનારા ઉવ. ૩૨ રહે - મ.નં.૨૨ બચુનગર બીબી મરીયમ દરગાહ રોડ બચુભાઈનો કુવો વટવા અમદાવાદ શહેરનાઓ વિરુધ્ધ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૦૩૮/૧૯ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઈ) ૮૧ ૯૮(૨) મુજબના ગુના આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક;-પીસીબી/ડીટીએન/પાસા/૧૨૭/૨૦૧૯ તા.૦૬/૦૨/૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૬/૦૨/૧૯ ના કલાક ૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

⇒ અ.નં. (૪) શ્રીમતી મુન્નીબેન વા/ઓ કાશીરામ રમણભાઈ જાતે-ચુનારા ઉંવ.૫૦ રહે- હનુમાનનગર સોસાયટી બચુનગરની બાજુમાં બચુભાઈનો કુવો વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૦૩૮/૧૯ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઈ) ૮૧ ૯૮(૨) મુજબના ગુના આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક;-પીસીબી/ડીટીએન/પાસા/૧૨૮/૨૦૧૯ તા.૦૬/૦૨/૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૬/૦૨/૧૯ ના કલાક ૧૭/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

ટ્રાફીક સપ્તાહ ઉજવણી

કીરી ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ - જીઆઈડીસી વટવા પોલીસના સંયુક્ત ઉપક્રમે

આજરોજ DCP ZONE-6 શ્રી સૌરભ તોલંબીયા સાહેબ, શંકરભાઇ પટેલ (પ્રેસીડેન્ટ ગ્રીન એનવાયરમેન્ટ), પ્રવિણભાઇ (ચેરમેન કીરી ઇન્ડસ્ટ્રીઝ), નાઓની પ્રેરક ઉપસ્થિતી માં ટ્રાફીક સપ્તાહની ઉજવનીના ભાગ રૂપે કીરી ઇન્ડસ્ટ્રીઝના તમામ સ્ટાફ માટે રોડ સલામતી બાબત કાર્યક્રમનુ આયોજન કરેલ જેમાં ૨૫૦ જેટલા સ્ટાફ તથા અન્ય ઇન્ડીયલીસ્ટ ઉપસ્થીત રહેલા.કીરી ઇન્ડસ્ટ્રીઝ દ્વારા તેમના તમામ સ્ટાફને કંપની તરફથી જ હેલ્મેટ આપવામાં આવે છે.અને ફરજીયાત પણે તેને ઉપયોગ થાય તેની ખાત્રી પણ કરવામાં આવે છે.

પોલીસ તથા ઇન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમનુ આયોજન થતા અન્ય ઇન્ડસ્ટ્રીઝને પણ આવા કાર્યક્રમ માટે જરૂરી પ્રોત્સાહન મળેલ છે.

"સડક સુરક્ષા જીવન રક્ષા"

આજરોજ તા.૭/૨/૨૦૧૯ ના રોજ પોલીસ મહાનિરીક્ષકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર (એસ.ટી.બી.) નાઓ દ્વારા દેશમાં દર વર્ષે લાખો વ્યક્તિઓ માર્ગ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવે છે તેમજ અક્સ્માતમાં કાયમી અપંગતા,માલ મિલ્કતનું પણ ઘણુ નુકશાન લોકોને થાય છે.જે અનુસંધાને માર્ગ સલામતી માટે જાગૃતી લાવવા માટે **"રાષ્ટ્રીય માર્ગ સલામતિ સપ્તાહ"** ની ઉજવણી સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એલ" ડિવીજન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ બી.કે.ગમાર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓ તથા પો.સ.ઇ.શ્રી એમ.એલ.સોલંકી તથા પો.કો.જગતાભાઇ ધુડાભાઇ તેમજ સ્ટાફના માણસો સાથે સ્વસ્તિક હાઈસ્કુલ મોટેરા ખાતે સેમિનારનુ આયોજન કરી વિધ્યાર્થીઓ ને બેનરો સાથે રાખી ટ્રાફીક નિયમોનુ પાલન કરવા ટ્રાફીકમાં રસ્તા પર આવતા ચિન્હોની ઓળખ આપી સમજ કરેલ અને તેઓ તેઓના માતા-પિતા,પરીવારમાં જણાવી જાગૃત કરે.જે બાબત નુ વક્તવ્ય આપેલ છે.

આજરોજ અમો પો.સબ.ઇન્સ એસ.એસ.ગોસ્વામી તથા રામોલ ચોકી સ્ટાફ ના માણસો સાથે સિપેટ કોલેજ ખાતે ટ્રાફીક અવર્નેસ બાબતે સિપેટ તથા ઇન્ડો જર્મન ટુલ રૂમ કોલેજ ના વિદ્યાર્થી ઓ સાથે વાર્તા લાપ કરી ટ્રાફિક ના નિયમો વિશે તેમજ સલામતી માટે કેવી રીતે અવર્નેસ કેળવવી જે બાબતે જરૂરી માર્ગદર્શન આપેલ તેમજ ટ્રાફિક ના નિયમો નુ પાલન કરવા સારૂ પ્રતિજ્ઞા લેવડાવેલ છે. જે ટ્રાફિક અવર્નેસ કાર્યક્રમ મા સિપેટ કોલેજ તથા ઇન્ડો જર્મન ટુલ રૂમ કોલેજ ના આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૮ ફેકલ્ટી સ્ટાફ હાજર રહેલ છે.






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.